# હુ તો આહર વનમાં ગઇ તી રે...હો મોરલ ચ્યોં વાગે સે..










**દાહોદ :** દાહોદ નવરાત્રિના આઠમાં નોરતે જાણે આખું શહેર ગરબાના રંગે રંગાઇ ગયું હતું. શહેરનાં મોટાં ગરબા મેદાનોથી લઈને શેરીઓ, પોળો, સોસાયટીઓ મા ભક્તિ, ઉત્સાહ અને પરંપરાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. રાત પડતાં જ પરંપરાગત પોશાકમાં સજ્જ ખેલૈયાઓ ગરબાનાં મેદાનો તરફ ઉમટી પડ્યા હતા. ઢોલના નાદ, ગરબાનાં ગીતો અને માતાજીના જયઘોષ વચ્ચે ખેલૈયાઓએ તાલબદ્ધ પગલાં સાથે નવરાત્રિની ઉજવણી કરી હતી. અનેક સ્થળોએ મોડી રાત સુધી ગરબાની રમઝટ જામતાં દાહોદ જાણે આખી રાત જાગતું હોય તેવું દૃશ્ય સર્જાયું હતું.




## કાલોલ ધારાસભ્યે નવરાત્રી મહોત્સવ દરમ્યાન માતાજીની આરતી ઉતારી



**કાલોલ :** સમગ્ર રાજ્યમાં આસ્થા અને ઉમંગ સાથે નવરાત્રી મહોત્સવની ઉજવણી થઈ રહી છે, ત્યારે કાલોલ ખાતે પણ ભક્તિભાવપૂર્ણ માહોલ જોવા મળી રહ્યો છે. નવરાત્રી મહોત્સવના પવિત્ર સાતમા દિવસે કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે કાલોલના વિવિધ વિસ્તારોમાં ફરીને માતાજીની આરાધના કરી હતી. ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે સ્ટેશન રોડ, હાઉસિંગ સોસાયટી, મહાલક્ષ્મી ચોક તેમજ ભાગ્યોદય સોસાયટી ખાતે યોજાયેલ નવરાત્રી મહોત્સવની મુલાકાત લીધી હતી.




## ડભોઇના ઐતિહાસિકમાં ગઢભવાની મંદિર ખાતે પ્રથમવાર રાજપૂત સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તલવાર આરતીનું આયોજન કર્યું




**ડભોઇ :** ડભોઇના ઐતિહાસિક માં ગઢભવાની માતાજીના પૌરાણિક મંદિર ખાતે પ્રથમવાર રાજપૂત સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તલવાર આરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ક્ષત્રિય સમાજના આગેવાનોએ પરંપરાગત રીતિ-રિવાજ મુજબ માં ગઢભવાની માતાજીની તલવાર આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. માતાજીના પવિત્ર મંદિરના આંગણે યોજાયેલી તલવાર આરતી દરમિયાન ધાર્મિક આસ્થા, ક્ષાત્ર પરંપરા અને શૌર્યનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. ક્ષત્રિય સમાજ માટે તલવાર માત્ર એક શસ્ત્ર નહીં, પરંતુ શક્તિ, શૌર્ય, રક્ષણ અને પરંપરાનું પ્રતીક છે.

## પાદરા તાલુકાના રણુ ગામે તુલજા ભવાની માતાના મંદિરે શારદીય આઠમના પર્વે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું




**પાદરા :** પાદરા તાલુકાના રણુ ગામે બિરાજમાન તુલજા ભવાની માતાના મંદિરે શારદીય નવરાત્રિના આઠમના પર્વે તથા રવીવારના શુભ સંયોગે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. માતાજીનાં દર્શન માટે મોટી સંખ્યામાં માઈભક્તો ઉમટી પડતાં મંદિર પરિસરમાં લાંબી કતારો જોવા મળી હતી. દુબઈ, અમેરિકા અને કેનેડા સહિત વિદેશમાં વસતા માઈભક્તોએ પણ માતાજીનાં દર્શનનો લાભ લીધો હતો. આઠમના પવિત્ર અવસરે શિવલિંગ, શ્રી યંત્ર અને જવારાની શાસ્ત્રોક્ત પૂજા-અર્ચના કરવામાં આવી હતી. આ ઉપરાંત ચંડી પાઠ તથા ચંડીયાગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો.

### ખેડૂતો સિંચાઇના પાણી માટે વલખાં મારી રહ્યા છે

# જેતપુરપાવી પાસે 'નલ સે જલ' યોજનાની પાઈપ લાઈનમાં મોટું લીકેજ!

તંત્રની કામગીરી સામે સવાલો જેતપુરપાવી

(પ્રતિનિધી) જેતપુરપાવી, તા.20

જેતપુરપાવીના પાવી ગામ પાછળથી પસાર થતી ઓરસંગ નદીમાં નલ સે જલ યોજના અંતર્ગત નાખવામાં આવેલી પાઈપલાઈનમાં મોટું લીકેજ સર્જાયું હોવાની ઘટના સામે આવી છે.

પાઈપલાઈનમાં કોઈ અગમ્ય કારણોસર લીકેજ થતાં છેલ્લા કેટલાય સમયથી પાણીનો બેફામ વેડફાટ થઈ રહ્યો હોવાની સ્થિતિ જોવા મળી રહી છે. એક તરફ હાલ સિંચાઈ માટે પાણીની જરૂરિયાત વચ્ચે ખેડૂતો પાણી મેળવવા માટે વલખાં મારી રહ્યા છે, ત્યારે બીજી તરફ સરકારની મહત્વાકાંક્ષી નલ સે જલ યોજનાની પાઈપલાઈનમાંથી 24 કલાક પાણી વહીને વેડફાઈ રહ્યું હોવાની સ્થિતિ તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કરે છે. સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે પાણીની સુવિધા ઊભી કરવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે. પરંતુ પાઈપલાઈનમાં મોટું લીકેજ સર્જાયા બાદ પણ જો સમયસર સમારકામ કરવામાં ન આવે, તો પાણીનો બગાડ થવાની સાથે સરકારી યોજનાના હેતુ સામે પણ સવાલો ઊભા થાય છે. હાલ આ લીકેજને કારણે કેટલા પ્રમાણમાં પાણીનો વેડફાટ થઈ રહ્યો છે અને સંબંધિત વિભાગ દ્વારા સમારકામ માટે શું કાર્યવાહી કરવામાં આવી છે, તે અંગે સ્પષ્ટતા થવી જરૂરી છે.



### વાઘોડિયા પોલીસે 'ઓપરેશન પરાક્રમ' હેઠળ

# વાઘોડિયા છાત્રાલય પાછળ નગરીમાંથી રૂ. ૧૦.૩૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ત્રણ રીઢા બુટલેગરો સામે ગુનો દાખલ

(પ્રતિનિધી) વાઘોડિયા, તા.૧૮

વડોદરા ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તેમજ અસામાજિક પ્રવૃત્તિઓ ડામવા માટે શરૂ કરાયેલી ખાસ ઝુંબેશ 'ઓપરેશન પરાક્રમ' હેઠળ વાઘોડિયા પોલીસે મોટી સફળતા મેળવી છે. વાઘોડિયા પોલીસ ઈન્સ્પેક્ટર એચ.બી. ગોહીલ અને સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે વાઘોડિયા ટાઉનમાં આવેલી છાત્રાલયવાળી નવીનગરીમાં પંચો સાથે રેઈડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ત્યાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની નાની-મોટી કુલ ૩,૬૬૮ બોટલ/ટીન મળી આવ્યા હતા, જેની કિંમત રૂ. ૧૦,૩૧,૯૪૩/- થાય છે. આ ઉપરાંત સ્થળ પરથી બે લાઈટ બિલ તથા રૂ. ૨,૦૦૦/- ની કિંમતનો ૧ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧૦,૩૩,૯૪૩/- નો મુદ્દામાલ કબજે લેવાયો હતો. પોલીસ રેઈડ દરમિયાન આરોપીઓ સ્થળ પર હાજર ન મળી આવતાં પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વિનોદભાઈ ભગવાનભાઈ વસાવા તથા કરન પુંજાભાઈ બારીયા (રહે. દેવળીયા રોડ, આનંદ નગરી, ડેપો પાછળ, વાઘોડિયા) તથા જયમીન હરીશભાઈ બારીયા (રહે. છાત્રાલય પાછળ, વાઘોડિયા)આ ત્રણે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### હાલોલના કંજરીમાં બંધ મકાનને તસ્કરોએ બનાવ્યું નિશાન

# રૂ. ૮૫ હજાર રોકડા, ચાંદીના દાગીના, ૩ પાસપોર્ટ સહિત અગત્યના દસ્તાવેજોની ચોરી

(પ્રતિનિધી) હાલોલ, તા.૧૮

પંચમહાલ હાલોલ તાલુકાના કંજરી ગામે આવેલા અક્ષર ભુવન જાળા વિસ્તારમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી ચોરીની ઘટનાને અંજામ આપ્યો હોવાની ઘટના સામે આવી છે. અજાણ્યા તસ્કરો રસોડા બાજુની બારી તોડી મકાનમાં પ્રવેશ કરી રૂ. ૮૫ હજાર રોકડા, ચાંદીના દાગીના, ત્રણ પાસપોર્ટ સહિત અગત્યના દસ્તાવેજોની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બનાવને પગલે વિસ્તારમાં ચકચાર મચી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કંજરી ખાતે જાડા વાડા હનુમાન દાદાના મંદિરની બાજુમાં રહેતા પટેલ યશભાઈ રાજેન્દ્રભાઈ તા. ૧૭ ઑક્ટોબરની રાત્રે પરિવાર સાથે બહાર ગયા હતા. દરમિયાન રાત્રે આશરે ૧૦થી વહેલી સવારે ૧ વાગ્યાના સમયગાળામાં અજાણ્યા તસ્કરોએ તેમના મકાનમાં પ્રવેશ કર્યો હોવાની આશંકા છે. પરિવાર રાત્રે આશરે ૨ વાગ્યે ઘરે પરત ફરતાં મકાનમાં ચોરી થયાનું જાણવા મળ્યું હતું. તપાસ કરતાં રસોડા બાજુની બારી તૂટેલી જોવા મળી હતી. તસ્કરો મકાનમાંથી રૂ. ૮૫,૦૦૦ રોકડા, ચાંદીના છડાની એક જોડી અને ચાંદીની એક વીંટી ચોરી ગયા હતા. ચાંદીના છડાનું વજન અંદાજે ૨૦૦થી ૨૧૦ ગ્રામ હોવાનું અને તેની વર્તમાન અંદાજિત કિંમત રૂ. ૧૯ હજારથી રૂ. ૨૦,૫૦૦ જેટલી હોવાનું જણાવાયું છે. આ ઉપરાંત યશભાઈ, વીણાબેન અને રાજેન્દ્રભાઈના નામના ત્રણ પાસપોર્ટ, પરિવારનાં સરકારી ઓળખપત્રો, બાઈકની મૂળ આરસી બુક, બેંકની પાસબુક, અન્ય બેંકિંગ દસ્તાવેજો તથા એટીએમ કાર્ડ પણ ચોરી થયેલા મુદ્દામાલમાં સામેલ છે. અરજદારે વધુમાં જણાવ્યું છે કે સોસાયટીના મુખ્ય ગેટની આસપાસ અને વિસ્તારમાં મોડી રાત સુધી કેટલાક અજાણ્યા લોકો એકઠા થતા હોવાની તેમજ દારૂ પીવાની પ્રવૃત્તિ થતી હોવાની ફરિયાદ છે. આથી વિસ્તારમાં અસલામતીની લાગણી અનુભવાતી હોવાનું જણાવી તેમણે પોલીસ પેટ્રોલિંગ વધારવાની માગ કરી છે.

# છોટાઉદેપુર નગરપાલિકાને આજે નવા પ્રમુખ મળશે

લાંબા સમયની હુંસાતુંસી અને ખેંચતાણ નો આખરે અંત આવશે

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.૧૮

છોટાઉદેપુર નગરપાલિકા નું રાજકારણ છેલ્લા ઘણા સમય થી ચકડોળે ચડ્યું છે. અગાઉ ના પ્રમુખ મંજુલાબેન કોળી ના જાતિ ના દાખલા ના વિવાદ પછી આખરે તેઓ ને હોદ્દો છોડવાનો વારો આવ્યો હતો. તેમાં પણ અકળ કારણોસર કલેકટર કચેરી દ્વારા નિર્ણયો કરવામાં ખૂબ જ વિલંબ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ એક વખત પ્રમુખ ની ચૂંટણી જાહેર થઈ હતી પરંતુ નગર ના 28 કોર્પોરેટરો માં થી તમામ ગેરહાજર રહેતા ચૂંટણી થઈ શકી ના હતી. ત્યારબાદ વચ્ચે વોર્ડ નબર 4 ની સભ્ય ની પેટા ચૂંટણી આવી હતી જેમાં રજનીબેન રાઠવા વિજયી થયા હતા.હાલ લાંબા સમય થી પ્રમુખ ની ખુરશી ખાલી છે પાલિકા ની પ્રવાહી આંતરિક ખેંચતાણ ની પરિસ્થિતિ માં ઈનચાર્જ પ્રમુખ એવા ઉપપ્રમુખ પણ કોઈ નિર્ણયાત્મક કામગીરી કરી શકતા નથી પરિણામે પાલિકા નાવિક વિના ની નાવ ની જેમ વહીવટી બાબતો અને વિકાસ કામો માં હાલમ ડોલમ થઈ રહી છે. નગરજનો પણ સભ્યો ના આ આંતરિક સંઘર્ષ અને ખેંચતાણ થી ગળે આવી ગયા છે. એક જ પક્ષ ના સિમ્બોલ પર સત્તા રહેવાની છે બાકી અન્ય પક્ષો કે અપક્ષો ગોળ ની આસપાસ રમતી માખીઓ જેવા છે જે પોતાની ક્ષમતા પ્રમાણે સેવા કરશે. જે પક્ષે સત્તા રહેવાની છે તેમા જ બે અલગ જૂથો વચ્ચે આંતરિક ખેંચતાણ ના પ્રતાપે નગરજનો ને અનિશ્ચિતતા નો સામનો કરવો પડ્યો છે. હવે બધું થાળે પડ્યું હોય તેમ જણાય છે અને નગરજનો કોઈ સુશિક્ષિત અને કોરી સ્લેટ ધરાવતા સભ્ય પ્રમુખ બને અને છોટાઉદેપુર નગર ને વિકાસ ના માર્ગે દોરી જાય તેવી અપેક્ષા રાખે છે.

# જાલમ બારીયાના મુવાડામાં સામૂહિક સોકપીટના કામોમાં ભ્રષ્ટાચારના આક્ષેપો

(પ્રતિનિધી) બોડેલી, તા.૧૮

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના જાલમ બારીયાના મુવાડા ગામમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ-૨ અંતર્ગત મંજૂર થયેલા સામૂહિક સોકપીટના કામોમાં ગંભીર નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી હોવાના આક્ષેપો ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યા છે. આ અંગે ગામના એક જાગૃત યુવાને સ્થળ પરની વાસ્તવિકતા દર્શાવતો વિડીયો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કરતાં આ સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે. વર્ષ ૨૦૨૬માં જાલમ બારીયાના મુવાડામાં ગંદા પાણીના યોગ્ય નિકાલ માટે આશરે ૩૨ થી ૩૩ જેટલા સામૂહિક સોકપીટ મંજૂર કરવામાં આવ્યા હતા. સરકાર દ્વારા પ્રત્યેક સોકપીટ દીઠ અંદાજિત રૂ. ૧૭,૫૦૦ ની માતબર રકમ ફાળવવામાં આવી હતી. ગ્રામજનોનો સીધો આક્ષેપ છે કે, ગામમાં કેટલાક હેન્ડપંપ પાસે તો સોકપીટ બનાવ્યા વગર જ રકમની ઉચાપત કરી લેવામાં આવી છે.



### જર્જરિત આંગણવાડીનું ડિમોલેશન કરી નવા બાંધકામની તૈયારીઓ શરૂ;

# જબુગામ આંગણવાડી-૧ના નવીનીકરણની કામગીરી શરૂ થતાં ખુશીનો માહોલ

(પ્રતિનિધી) બોડેલી, તા.૧૮

છોટાઉદેપુર જિલ્લાના જબુગામ ખાતે આવેલી જર્જરિત આંગણવાડી-૧ને તોડી નવીન બાંધકામ કરવાની કામગીરીનો પ્રારંભ થતાં સ્થાનિકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. લાંબા સમયથી આંગણવાડીના નવીનીકરણની જરૂરિયાત અનુભવાતી હતી, ત્યારે હવે નવી આંગણવાડી બનવાની પ્રક્રિયા શરૂ થતાં નાના ભૂલકાઓ, વાલીઓ અને આંગણવાડી કાર્યકરોમાં આશા જાગી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, જબુગામ ગ્રામ પંચાયતના સરપંચ તથા તલાટી દ્વારા જર્જરિત આંગણવાડી-૧ને નવી મંજૂરી આપવા માટે સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતોને ધ્યાનમાં લઈને છોટાઉદેપુર જિલ્લા કક્ષાએથી નવી આંગણવાડીને મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી અને હવે જૂની જર્જરિત ઈમારતનું ડિમોલેશન કરી નવા બાંધકામ માટેની તૈયારીઓ શરૂ કરાઇ છે.

